# ૧૧, ઓગષ્ટ–૨૦૧૫ (મંગળવાર)

**(૧) વડાપ્રધાન સંયુક્ત રાષ્ટ્રની 'સશક્ત વિકાસ' માટેની પરિષદને સંબોધશે :**

– સંયુક્ત રાષ્ટ્રોનું ૨૦૧૫ બાદ મજબૂ આર્થિક વિકાસ માટેનો કાર્યક્રમ નક્કી કરવાનું સંમેલન ૨૫ થી ૨૭ સપ્ટેમ્બર યોજાવાનું છે.
– સંયુક્ત રાષ્ટ્રોની વૈશ્વિક સ્તરે આ સર્વોચ્ચ બેઠક ગણાય છે.
– વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ સંમેલનને ૨૫ મી સપ્ટેમ્બરે સંબોધન કરશે.
– પરિષદને સંબોધન બાદ પશ્ચિમ અમેરિકાના સનફ્રાન્સિસ્કોની મુલાકાત જશે.
– આ પરિષદમાં વિશ્વના ૧૫૦ જેટલા નેતાઓ ઉપસ્થિત રહેશે.
– 'સશક્ત વિકાસ સંમેલનમાં ચર્ચા વિચારણાને અંતે વિશ્વ કયા વિકાસ માર્ગે દોરવું તે નક્કિ થશે.

**(૨) વર્લ્ડ સ્વિમિંગની પૂર્ણાહુતી :-**

– તાજેતરમાં રશિયાના કઝાન ખાતે યોજાયફેલી વર્લ્ડ એક્વેટિક્સ ચેમ્પિયનશીપની પૂર્ણાહુતી થી હતી.
– આ ચેમ્પિયનશીપમાં ચીને મેડલ ટેબલમાં ટોચનું સ્થાન હાંસલ કર્યું હતું.
– જ્યારે અમેરિકા અને રશિયાએ અનુક્રમે બીજી અને ત્રીજું સ્થાન મેળવ્યું હતું.
– પહેલા પાંચ દેશ અને તેના મેડલ

| દેશ | ગોલ્ડ | સિલ્વર | બ્રોન્ઝ | કુલ |
|---|---|---|---|---|
| ચીન | ૧૫ | ૧૦ | ૧૦ | ૩૫ |
| અમેરિકા | ૧૩ | ૧૪ | ૦૬ | ૩૩ |
| રશિયા | ૦૯ | ૦૪ | ૦૪ | ૧૭ |
| ઓસ્ટ્રેલિયા | ૦૭ | ૦૧ | ૦૬ | ૧૪ |
| બ્રિટન | ૦૫ | ૦૧ | ૦૧ | ૦૭ |

**(૩) મહિલાઓની સુરક્ષા માટે કેરળ સરકાર બસોને જીપીએસ અને સીસીટીવીથી સજ્જ કરશે. :**

– દિલ્હીના નિર્ભયા કાંડ બાદ કેન્દ્ર સરકાર તરફથી મળેલા આદેશના પગલે મહિલાઓની સુરક્ષાની ખાતરી આપવા માટે કેરળ સરકારે પહેલ કરી.
– જે અંતર્ગત કેરળ સરકારે તમામ જાહેર પરિવહનોમાં સીસીટીવ કેમેરા અને જીપીએસ સીસ્ટમ મુકવા નિર્ણય લીધો.

**(૪) સુનિલ દાસ : ચિત્રકાર :**

– જાણીતા ચિત્રકાર સુનિલ દાસનું અવસાન
– કોલકાત્તાના વતની સુનિલ દાસ ઘોડાઓ અને આંખલાઓના ચિત્રકામ માટે જાણીતા હતા.
– તેઓ કન્ટેમ્પરેરી આર્ટીસ્ટ સાસાયટીના સ્થાપક સભ્ય હતો.
– વર્ષ ૨૦૧૪માં ભારત સરકાર દ્વારા તેમનું પદ્મશ્રી થી સન્માન કરાયું.

(૫) ફુરનાઝ હોમયાર વકીલ : શૂટર
- શૂટિંગ ક્ષેત્રે ગુજરાતનું નામ રોશન કરનારી ફરનાઝ હોમયાર વકીલને રાજ્ય સરકાર દ્વારા 'સરદાર પટેલ એવોર્ડ' થી સન્માનીત કરાયા.
- ૧૬ વર્ષીય વિદ્યાર્થીની ફરનાઝ વકીલે ૨૦૧૦માં પિસ્તોલ શૂટીંગની કારકીર્દિનો પ્રારંભ કર્યો હતો.
- અત્યાર સુધીમાં ફરનાઝે જિલ્લા કક્ષાએ ૧૪ અને રાજ્ય કક્ષાએ ૮ ગોલ્ડ મેડલ જીત્યા છે.
- ૨૦૧૩ માં તેને જયદીપસિંહ બારિયા એવોર્ડ પણ એનાયત કરાયો હતો.

(૬) હનુમાન ચાલીસાઓન ઉર્દૂમા અનુવાદ કરાયો :
- તાજેતરમાં ઉત્તર પ્રદેશના જૌનપુરના રહેવાસી આબિદ આલ્વિએ હનુમાન ચાલીસાનો ઉર્દૂમાં અનુવાદ કર્યો છે.
- આદીબે હનુમાન ચાલિસાઅનો અનુવાદ 'મુસદ્દસ' શૈલીમાં કર્યો છે.
- 'મુસદ્દસ' શૈીમાં ત્રણ શેર અને છ લાઇનો હોય છે. જ્યારે ચોપાઇના સંદર્ભમાં ચાર લાઇનો હોય છે.
- તેને હિન્દીમાંથી ઉર્દૂમાં અનુવાદ કરતા ત્રણ મહિનાનો સમય લાગ્યો હતો.
- આબિદના ઉર્દૂ અનુવાદમાં કુલ ૧૫ બંધ છે અને એ દરેકમાં છ લાઇનો છે.

(૭) પ્રસિદ્ધ લેખીકા નુર ઝહીરના પ્રખ્યાત પુસ્તકો :-
- 'ડીનાઇડ બાય અલ્લા'
- 'માય ગોડ ઇઝ વુમન'

(૮) ભારતીય રેલવે હવે મુસાફરોને વિદેશની યાત્રા કરાવશે :
- મુસાફરોને દેશના તીર્થસ્થાનો અને પર્યટક સ્થળોની મુલાકાતે લઇ જતી ભારતીય રેલ હવે વિદેશની યાત્રા પણ કરાવશે.
- પ્રથમ તબક્કામાં IRCTC એશિયાના ૪ દેશના પ્રવાસનું આયોજન કરશે.
- આ વિદેશયાત્રા દિલ્હીથી શરૂ થશે. જેમાં વિઝા સહિત આવવા -જવા ભોદજન અને રહેણાંકની સંપૂર્ણ વ્યવસ્થા રેલ્વે કરશે.
- આ યોજનાના ભાગરૂપે દુબઇ-આબુધાબી, મલેશિયા, થાઇલેન્ડ અને શ્રીલંકામાં યાત્રાની જાહેરાત કરી છે.
- IRCTC પર્યટકોને વિઝાની સુવિધા ઉપરાંત એસી બસ તેમજ ટ્રેન દ્વારા પર્યટક સ્થળે લઇ જવાની સાથે થ્રી-સ્ટાર હોટેલમાં રોકાણની સુવિધા આપશે.
- આ પ્રવાસ ૨૦૧૫માં અંત સુધીમાં થશે.

વિવેકાનંદ એકેડેમી (સે.૨૨) મો.૯૯૨૫૬૯૮૭૨૧